# આઈએનએસ વાલસુરા દ્વારા જામનગરમાં ભવ્ય મ્યુઝિકલ ઈવેન્ટમાં છવાઈ દેશભક્તિ







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વંદે માતરમ ગીતના સર્જનને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા જામનગરમાં નેવી વાલસુરા દ્વારા ઉજવણીના ભાગરૂપે જામનગરના રણમલ તળાવ ખાતે ભવ્ય મ્યુઝિકલ ઈવેન્ટ સાથે અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપી કાર્યક્રમને માણ્યો હતો. જામનગરમાં સ્થિત ભારતીય નેવીની પાંખ આઈએનએસ વાલસુરા દ્વારા વંદે માતરમના દોઢસો વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૨૪ ની રાત્રિના સમયે ભવ્ય કાર્યક્રમ ઉજવાયો હતો.મ્યુઝિકલ ઈવેન્ટમાં જામનગર શહેરના લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડી આનંદ લીધો હતો આ વેળાએ નેવીના જવાનો દ્વારા રજૂ કરાયેલી મ્યુઝિકલ ઈવેન્ટમાં ડોલ્યા હતા. દેશભક્તિના ગીતો તેમજ અન્ય મ્યુઝીકને લઈ અનોખા દેશભક્તિના માહોલથી વાતાવરણમાં ગુંજી ઉઠ્યુ હતું.

## કાલાવડના મુળીલા ગામે વાડીના કૂવામાં પડી જતા યુવાનનું મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના કલાવડ તાલુકાના મૂળીલા ગામે રહેતો એક યુવાન વાડીના કૂવામાં અકસ્માતે પડી જતા તેમને માથાના ભાગે ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ ટાઉનમાં વ્હોરાવાડ વિસ્તારમાં રહેતો મુર્તુઝાભાઈ યુસુફભાઈ હીરાણી નામનો ૪૮ વર્ષના વ્હોરા જ્ઞાતિના યુવાન ગઈકાલે મૂળીલા ગામ પાસે આવેલી ગોવિંદભાઈ ગોવાભાઈ નામના ખેડૂતની વાડીના કૂવામાં પડી જતાં ડૂબી જવાના કારણે તેનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે ફકરૂદ્દીનભાઈ અબ્બાસભાઈ હીરાણીએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહનો કબજો સંભાળી બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં સંત કબીર આવાસના ફ્લેટમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ઘર વખરી ખાખ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં પોલીસ હેડ ક્વાર્ટર પાછળ સંત કબીર આવાસના ચોથા માળે બ્લોક નંબર બી ૪૦૯ માં રહેતા મેહુલભાઈ ચાવડા નામના રહેવાસીના ફ્લેટમાં રવિવારે બપોરના અરસામાં અકસ્માતે શર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા બિલ્ડીંગમાં દેખાયા હતા, જેને કારણે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

આ બનાવ અંગે મેહુલભાઈ ચાવડા દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, જેથી ફાયર બ્રિગેડની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીના એક ટેન્કર વડે આગને કાબુમાં લઈ લીધી હતી. જો કે તે પહેલા ફ્લેટની અંદર રાખેલું ફર્નિચર, ઈલેક્ટ્રીક વાયરીંગ, ગાદલા ગોદળા તથા અન્ય ઈલેક્ટ્રીક ઉપકરણો વગેરે બળીને ખાખ થયા હતા. જોકે આગ સમયસર કાબુમાં આવી ગઈ હોવાથી અન્ય ફ્લેટ ધારકોમાં હાશકારો થયો હતો.

## સચાણા ગામે ડિગ્રી વગરનો બોગસ તબીબ પકડાયો

જામનગર : જામનગર તાલુકાના સચાણા ગામમાં એક બોગસ તબીબ પોતાની પાસે ડિગ્રી ન હોવા છતાં ગરીબ દર્દીના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો હોવાની બાતમીને આધારે એસઓજીની ટુકડીએ દરોડો પાડી, બોગસ તબીબને ઝડપી લીધો છે, અને તેની સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરની એસઓજી શાખાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર તાલુકાના સચાણા ગામમાં એક મકાન ભાડે રાખીને પરપ્રાંતિય શખ્સ પોતે ડોક્ટર નથી તેમ છતાં તબીબી પ્રેક્ટિસ કરી રહ્યા છે, જે બાતમીના આધારે ગઈકાલે સચાણા ગામમાં દરોડો પડ્યો હતો. જ્યાં મૂળ પશ્ચિમ બંગાળનો વતની ઈસ્માઈલ અલામરાહી તૈયબ શેખ (૪૬) કે જે પોતે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હોવા છતાં દર્દીઓને તપાસીને તેઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા તેની પૂછપરછ કરાતાં પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડીગ્રી ન હોવાનું કબૂલ્યું હતું. તેથી પોલીસે તેની અટકાયત કરી લઈ તેની સામે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં પ્રણામી સ્કૂલ પાસે પાર્ક કરેલી ખાનગી લક્ઝરી બસમાં આગ ભભૂકી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં હીરજી મિસ્ત્રી રોડ પર પ્રણામી સ્કૂલ પાસે પાર્ક કરેલી એક ખાનગી લક્ઝરી બસમાં મોડીરાત્રે એકાએક આગ લાગી ગઈ હતી. જે બનાવની જાણ થતાં ફાયર શાખાની ટુકડીએ ઘટના સ્થળે દોડી જઈ પાણીના બે ટેન્કર વડે આગને બુઝાવી હતી.

બસના માલિક કારખાનેદાર નિશાંતભાઈ દોમડીયા કે જેઓએ પોતાની ફેક્ટરીમાં કામ કરતા કામદારોને લેવા-મુકવા માટેની બસ રાત્રિના પાર્ક કરીને રાખી હતી, જેમાં અકસ્માતે કોઈપણ રીતે આગ લાગી ગઈ હોવાથી પોલીસને જાણ કરી છે. જેઓએ કોઈ વ્યક્તિ દ્વારા બસને આગ લગાવી દેવાની શંકા પણ વ્યક્ત કરી છે. જે મામલે સીટી સી. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## જામજોધપુરમાં સગીરાને અડપલા કરી ભાઈને મારી નાખવાની ધમકી આપનાર આરોપીને પાંચ વર્ષની સજા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાં એક સગીરાને બ્લેકમેલ કરીને તેની સાથે શારીરિક અડપલા કરીને પૈસા પડવાનાર અને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપનાર આરોપીને અદાલતે પાંચ વરસની સજાનો હુકમ કર્યો છે

આ કેસની વિગત એવી છે કે આરોપીએ એપ્રિલ ૨૦૨૩ દરમ્યાન ફરીયાદી ની ૧૫ વર્ષની સગીર વયની દીકરીને વિશ્વાસમા લઈ, મળવા બોલાવી હતી અને ભોગ બનનાર સાથે શારીરીક અડપલા કરી, તેની છેડતી કરી તેના ફોટાપાડી બ્લેકમેઈલ કરી, ફોટા-વાયરલ કરવાની ધમકી આપી કટકે કટકે રૂા.૭૪,૦૦૦ પડાવી લીધા હતા. આ બાબતે કોઈને કહેશે તો તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરતા આરોપી વિરૂધ્ધ શેઠ-વડાળા પોલીસ સ્ટેશનમાં તા.૩૧/૫/૨૦૨૩ ના રોજ પોકસો સહિતની કલમ મુજબ ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

ત્યાર પછી આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતાં ફરીયાદ પક્ષે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવ્યા હતા. તેમજ ફરીયાદ પક્ષે કેસ પુરવાર કરેલ હોય વિસ્તૃત દલીલો, પુરાવાઓ, રજુઆતો ધ્યાને લઈ આરોપી મગન મનજીભાઈ વાઘેલા (રહે. ભોજાબેડી)ને પોસ્કો એકટ-૨૦૧૨ ની કલમ મુજબ પાંચ વર્ષની સખત કેદની સજા, અને ૩૦,૦૦૦ હજારનો દંડ તેમજ સગીરાને બે લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કામે સરકાર તરફે એ.પી.પી. એમ.પી. જાની તથા મુળ ફરીયાદી તરફે વકીલ અહમદ સફીયા રોકાયા હતા.

## દરેડમાં નિંદ્રાધીન અવસ્થામાં શ્રમિક યુવાનને ટ્રક ચાલકે કચડી નાખતાં મૃત્યુ

જામનગર : જામનગર નજીક દરેડમાં ગૌશાળા પાસે નિંદ્રાધીન અવસ્થામાં રહેલા પરપ્રાંતિય શ્રમિક યુવાન પર એક ટ્રક ચાલકે પોતાના ટ્રકના તોતિંગ વ્હીલ ફેરવી દઈ, કચડી નાખતાં તેનું નિંદ્રાધીન અવસ્થામાં જ કરુણ મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશનો વતની અને હાલ દરેડ વિસ્તારમાં રહીને મજૂરી કામ કરતો કલ્યાણસિંહ જાટવ નામનો ૩૫ વર્ષનો પર પ્રાંતિય શ્રમિક યુવાન ગઈકાલે દરેડ જીઆઈડીસી ગૌશાળા સર્કલ પાસે એક સાઈડમાં સૂતેલો હતો, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા જીજે ૨૫ યુ ૯૭૦૫ નંબરના ટ્રક ચાલકે તેને નિદ્રાધીન અવસ્થામાં જ કચડી નાખ્યો હતો, અને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, જયાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ અકસ્માતના બનાવ અંગે મૃતક કલ્યાણસિંહ ની પત્ની દુર્ગાદેવી જાટવે પોલીસને જાણ કરતાં પંચકોષી બી. ડિવિઝનના પી.એસ.આઇ. એચ.ટી. મઠીયા ઘટના સ્થળે અને જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## કલ્યાણપુરના ભોગાતમા ઠંડીથી ઠુંઠવાઈ જતા શ્રમિક યુવાનનું મૃત્યુ

### મૃતક નશો કરવાની ટેવ ધરાવતો હોવાનું સામે આવ્યું, પોલીસે તપાસ હાથ ધરી



ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામમાં આવેલ તળાવ પાસેથી શ્રમિક યુવાનનો મૃતદેહ મળી આવતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવકના મૃતદેહનો કબ્જો સંભાળી પી.એમ. અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર પંથકના ભોગાત ગામમાં આવેલ પીરવાળા તળાવ પાસે યુવકનો મૃતદેહ પડ્યો હોય જેની કોઈએ જાણ કરતા સ્થાનિક પોલીસની ટીમ સ્થળપર દોડી ગઈ હતી અને ઓળખ હાથ ધરવામાં આવતા તેનું નામ ગુલસિંગ આદિવાસી હોવાનું ખુલવા પામ્યુ હતું અને મજુરી કામ કરતો હોઈ તેમજ નશો કરવાની ટેવ ધરાવતો હોવાનું જાણવા મળે છે. ઠંડીથી ઠુંઠવાઈ જતા મૃત્યુ નિપજ્યાનું સામે આવ્યું છે ત્યારે કલ્યાણપુર પોલીસે આ બનાવની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

## જામ્યુકો સંચાલિત ઢોરના ડબ્બામાંથી ગાય ગુમ થતી હોવાનો કોંગી કોર્પોરેટરનો આક્ષેપ

### સ્ટાફ દ્વારા રસ્તામાં ગાયો છોડી મુકી વહિવટ કરી લેતા હોવાનો પણ આક્ષેપ : આવેદન અપાશે



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રખડતા પશુઓને પકડવામાં અને પકડાયા પછી પણ છોડી મુકવામાં આર્થિક વિહવટ ચાલતો હોવાનો આક્ષેપ કોંગી કોર્પોરેટર દ્વારા કરાયો છે. એક પશુપાલક પોતાની પકડાયેલી ૩ ગાયો છોડાવવા જતાં ડબ્બામાં તેની બે જ ગાયો જોવા મળી અને ત્રીજીની માહિતી ખુદ કર્મચારીઓ પાસે પણ ન હોવાનું અને સી.સી.ટી.વી. કેમેરા પણ દસ દિવસથી બંધ હોવાનું સામે આવતાં પશુપાલક અને સાથે આવેલા મહિલા કોંગી કોર્પોરેટરએ વીડીયો બનાવીને વાયરલ કર્યો હતો. જેમાં મહાનગરપાલિકા સંચાલિત ઢોરના ડબ્બામાં ચાલતા રગડ-ધગડ વહિવટ અને પશુ પકડવામાં તેમજ અધવચ્ચે છોડી મુકવામાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો આક્ષેપ કર્યો છે.

નવાગામ ઘેડમાં રહેતા નાવિક ચાવડા નામના યુવકની ત્રણ ગાયો કોર્પોરેશનની પશુ પકડવાની ટિમ વગેરે પકડી ગયા હતા. તેથી તેણે તંત્ર પાસેથી વિગતો મેળવીને ગાયને જ્યાં રાખી હતી તે રણજીતસાગર ડેમ નજીકના કોર્પોરેશનના ડબ્બા ખાતે ગયો હતો. જ્યાં તે ગાય દીઠ દંડની રકમ આપવા માંગતો હતો. પરંતુ પકડાયેલી ૩ માંથી બે જ ગયો જોવા મળતાં તેણે પોતાના વિસ્તારના કોંગી કોર્પોરેટર રચનાબેન નંદાણીયાને જાણ કરી હતી. તેમજ તેઓને પણ વાસ્તવિક્તા દેખાડવા બોલાવ્યા હતા. જ્યાં માલધારી યુવક અને તેની સાથેના તમામે તપાસ કરતાં ત્રીજી ગાય મળી આવી ન હતી.

તેથી તેઓએ સ્ટાફને સવાલ કર્યો હતો કે, ઉંચી વંડીવાળી જગ્યા છે અને બે દરવાજે તાળા છે. તો ગાય ગઈ ક્યાં, પરંતુ આ પશ્નનો જવાબ સ્ટાફ આપી શક્યો ન હતો. તેથી યુવકો અને મહીલા કોર્પોરેટરએ સીસી કેમેરાના ફુટેજ માંગતા સ્ટાફે ૧૦ દિવસથી કેમેરા બંધ હોવાનું જાણવા મળતાં તે સ્થળનો વિડીયો બનાવ્યો હતો. જેમાં પશુપાલક યુવાનોએ આક્ષેપ કર્યો હતો કે, ઢોરના ડબ્બા સુધી પશુઓ પહોંચે ત્યાર પહેલા પશુ પકડ પાર્ટીવાળા વહિવટ કરીને ગાયોને અધવચ્ચે છોડી મુકે છે.

ઉપરાંત ઢોરના ડબ્બે આવેલી ગાયોમાંથી અમુકને પાછલે બારણેથી જવા દેવામાં આવે છે. આ ગાય ક્યાં જાય છે ? કે કોણ લઈ જાય છે ? તે તપાસનો વિષય છે. આ મામલે આવતીકાલ તા.૨૭ના રોજ આવેદન આપવામાં આવશે. તેમ કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ જણાવ્યું છે.

## દ્વારકામાં શંકરાચાર્ય ઘાટ પર નિત્ય સંધ્યા આરતીનો દિવ્ય નઝારો



દ્વારકા : ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ અને પવિત્ર તીર્થધામ દ્વારકામાં જગતમંદિર નજીકમાં વહેતી પવિત્ર ગોમતી નદીના કિનારે દરરોજ સાંજે એક અદભૂત અને આધ્યાત્મિક દ્રશ્ય સર્જાય છે. શંકરાચાર્ય ઘાટ પર યોજાતી નિત્ય સંધ્યા આરતી પ્રવાસીઓ અને શ્રધ્ધાળુઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની છે.

સૂર્યાસ્તના સમયે જ્યારે આકાશ કેસરી રંગે રંગાય છે ત્યારે ગોમતી તટ પર શંખનાદસાથે સંધ્યા આરતીનો પ્રારંભ થાય છે. પ્રજવલિત મશાલ અને વિશાળ દીપમાળાઓ સાથે જયારે બ્રાહમણો શાસ્ત્રોકત વિધિથી આરતી કરે છે ત્યારે સમગ્ર વાતાવરણ ભકિતમય બની જાય છે. દ્વારકા આવતા દરેક યાત્રીકો માટે ભકિત, સંગીત અને શ્રધ્ધાના ત્રિવેણી સંગમમાં સહભાગી થઈ આ સંધ્યા આરતીનો લ્હાવો એક જીવનભરનું સંભારણું બની રહે છે.

દિવ્ય વાતાવરણમાં ગંગા આરતીની અનુભૂતિ દ્વારકાના ગોમતી ઘાટે થતી સંધ્યા આરતીમાં ઝળહળતા ગોમતી નદીના શંકરાચાર્ય ઘાટ પર કાશી અને હરિદ્વારની ગંગા આરતી જેવો જ ભવ્ય નઝારો હવે દ્વારકાધીશ મંદિર નજીક જોવા મળી રહયો છે. આ આરતી નિહાળવા બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટતા હોય સ્થાનીય પર્યટનનું પણ આકર્ષણસમુ બની રહયુ છે. દ્વારકાના ગોમતી નદીના શંકરાચાર્ય ઘાટે દરરોજ સાંજે સૂર્યાસ્ત સમયે (૬:૩૦ કલાકે) થતી મહાઆરતી અહીં આવતા શ્રધ્ધાળુઓને ગોમતી આરતીમાં સહભાગી થવું એ માત્ર ધાર્મિક ક્રિયા નહિં પરન્તુ મનને શાંતિ અર્પતો અલૌકિક અનુભવ સમો બની રહયો છે.

## ધ્રોલમાં જુગાર રમતા ચાર શખ્સો પકડાયા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળમાં ગઈકાલે રાત્રે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો છે, અને ચાર પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

ધ્રોલ પોલીસ સ્ટેશનની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ધ્રોલના જોડિયા નાકા પાસેથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ફારુક મામદભાઈ મોલીયા, કાદર આમદભાઈ દલ, હુસેન મામદભાઈ શાહમદાર અને રાજેશ સમસુદ્દીન પોપટીયા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૪,૭૫૦ની રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## જામનગરમાં યુવાને ગળાફાંસો ખાધો

જામનગર : જામનગરમાં હિમાલય સોસાયટીમાં રહેતા એક રાજપુત યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે, તે જ રીતે નાઘુના ગામમાં રહેતા એક ક્ષત્રિય યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા પોતાની જીવન લીલા ટૂંકાવી લીધી છે.

જામનગરમાં હિમાલય સોસાયટીમાં રહેતા બ્રિજરાજસિંહ દશરથસિંહ વાળા નામના ૨૫ વર્ષના રાજપુત યુવાને ગઈકાલે પોતાના ઘેર પંખા ના હુકમા સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. આ બનાવ અંગે મૃતકના પિતા દશરથસિંહ સતુભા વાળાએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. ઝાલાએ બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે. અને વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયામાં ભંગાર ખરીદતો શખ્સ રૂ. ૧.૧૫ લાખના ચોરાઉ મુદામાલ સાથે ઝડપાયો



ખંભાળિયા : દિવસે ભંગારની રેંકડી ચલાવી રેકી કરતા અને રાત્રે ચોરીને અંજામ આપતા શખ્સને ખંભાળિયા પોલીસે ચોરાઉ મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયામાં શક્તિનગર ખાતે રહેતા વિજય વનીતભાઈ ગોદળીયા નામનો શખ્સ દિવસે ભંગારની ફેરી કરતો હોય અને રેકી કરી રાત્રીના સમયે મોકો જોઈ ચોરી કરતો હોવાની શંકા જતા ખંભાળિયા ટાઉન પોલીસ મથકના હેમંતભાઈ નંદાણીયા, યોગરાજસિંહ ઝાલા, કાનાભાઈ લુણા અને ધીરેન્દ્રસિંહ જાડેજા વિગેરેએ પકડી પાડી તેના પાસેથી રૂપિયા ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## અલીયાબાડા ગામે બાઈક ચાલક દારૂની ૧૧ બાટલી સાથે ઝડપાયો

જામનગર : જામનગર નજીક આલિયા બાડા ગામમાં આંબેડકરવાસ વિસ્તારમાં રહેતો અને મજૂરી કામ કરતો રવિ હરિભાઈ પરમાર નામનો શખ્સ પોતાના બાઈકમાં ઈંગ્લિશ દારૂ સાથે નીકળ્યો હતો, જેને આંબેડકરવાસ વિસ્તારમાંથી પોલીસે અટકાયતમાં લીધો હતો. તેની તલાસી લેતા તેના કબ્જામાંથી ૧૧ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવી હતી. જેથી પોલીસે ઈંગ્લીધ દારૂ અને મોટરસાયકલ સહિત રૂપિયા ૬૧,૭૦૦ ની માલમતા કબજે કરી લઈ તેની સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)